| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૬/૦૮/૨૦૨૫ |
| રજીસ્ટર તારીખ | ૦૬/૦૮/૨૦૨૫ |
| ફેસલ તારીખ | ૧૦/૦૭/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ |
| | ૦૦ ૧૧ ૦૪ |

## <u>સાબરકાંઠા જિલ્લાના મજુર અદાલતના પ્રમુખ અધિકારીશ્રી</u>
## <u>એન.કે.નાચરે સમક્ષ, મુકામ હિંમતનગર.</u>

**રેફરન્સ (એલ.સી.એચ.) નંબર – ૬૮/૨૦૨૫**

**આંક: ૦૫**

**પ્રથમ પક્ષકાર :–** **મેડિસ્કાય ફાર્માસ્યુટિકલ્સ પ્રાઇવેટ લીમીટેડ,**
પ્લોટ નં. ૨૬૦/૨૬૧, જી.આઇ.ડી.સી.,
તલોદ, જી. સાબરકાંઠા.

**વિરૂદ્ધ**

**બીજા પક્ષકાર :–** **મકવાણા રવિંદ્રસિંહ ભરતસિંહ,**
મુ. તલોદગામ, તા. તલોદ,
જી. સાબરકાંઠા.

| | | |
|---|---|---|
| **હાજર રહ્યા :–** | **પ્રથમ પક્ષકાર તરફે :** | કોઇ હાજર થયેલ નથી. |
| | **બીજા પક્ષકાર તરફે :** | કોઇ હાજર થયેલ નથી. |

.............................................................................................

## <u>વિષય :– ઔદ્યોગિક વિવાદ ધારા ૧૯૪૭ ની કલમ–૧૦(૧)હેઠળ ન્યાય નિર્ણય કરવા બાબત...</u>

## <u>–: એવોર્ડ :–</u>

(૧) આ કામના પક્ષકારો વચ્ચે ઉદભવેલ ઔદ્યોગિક તકરારની ફરિયાદ સંબધે મદદનીધ શ્રમ આયુક્તની કચેરી, હિંમતનગર તરફથી તારીખ ૨૮/૦૭/૨૦૨૫ ના હુકમ નંબર ક્રમાંક: મશ્રાઆ/હિંમત/આઇ.ડી.આર./૨૦૨૫/૧૯૧૬ થી અત્રેની મજુર અદાલત, હિંમતનગર, જિલ્લો– સાબરકાંઠા માં ન્યાય નિર્ણય અર્થે સુપ્રત કરવામાં આવેલ છે. જેની અનુસુચી નીચે મુજબ છે.

## –:: <u>અનુસુચિ</u> ::–

**મકવાણા રવિંદ્રસિંહ ભરતસિંહ ને પડેલા દિવસોના પગાર સહિત તેમને નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઇએ કે કેમ?**

**(૨)** આ કામે ઉપરોકત વિગતે હાલનો રેફરન્સ અત્રેની અદાલતમાં તારીખ ૦૬/૦૮/૨૦૨૫ નારોજ દાખલ કરવામાં આવેલ છે. બાદમાં બન્ને પક્ષકારોને હાજર રહેવાની નોટિસ ઇસ્યુ કરવામાં આવેલ હતી. તે નોટિસની બજવણી બન્ને પક્ષકારોને થયેલ છે. ત્યારબાદ બીજા પક્ષકાર જાતે કે કચેરી મારફતે હાજર થયેલ નથી કે પોતાનો માંગણાનો નિવેદન પણ રજુ કરેલ નથી. આમ, આ કામના બીજા પક્ષકારની સને ૨૦૨૫ થી આજ દિન સુધી નિવેદન રજુ કરવા માટે ઘણી મુદતો રાખવા છતા હાજર રહેલ નહિ કે માંગણાનુ નિવેદન રજુ કરેલ ન હોય, બીજા પક્ષકારને માંગણા ના નિવેદનના અભાવે હાલનો કેસ ઘણાં સમય થી પેન્ડીંગ રહેલ છે. જેથી બીજા પક્ષકારાનો માંગણા નિવેદનનો હકકબંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રથમ પક્ષકાર પણ હાજર ના રહેતા પ્રથમ પક્ષકારનો જવાબ નો હક્ક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ સદર કામ બીજા પક્ષકારના પુરાવા ઉપર રાખવામાં આવેલ પરંતુ બીજા પક્ષકાર જાતે કે પ્રતિનિધિ મારફતે હાજર ના રહેતા બીજા પક્ષકારના પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ સદર કામે પ્રથમ પક્ષકાર પુરાવા પર રાખવામાં આવેલ પરંતુ પ્રથમ પક્ષકાર જાતે કે વકીલ મારફતે હાજર ન રહેતા પ્રથમ પક્ષકારનો પુરાવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આ કામ દલીલો પર રાખવામાં આવેલ છે. પરંતુ આ કામના બન્ને પક્ષકાર જાતે કે પ્રતિનિધિ મારફતે હાજર ના રહેતા બન્ને પક્ષકારોનો દલીલો નો હક બંધ કરવામાં આવેલ છે.

આમ ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા બીજા પક્ષકારને હાલનો રેફરન્સ આગળ ચલાવવામાં રસ ન હોવાનુ સ્પષ્ટપણે જણાય છે. તેમજ બીજા પક્ષકાર દ્વારા માંગણાનુ નિવેદન રજુ કરેલ ના હોય જે સંજોગો માં બીજા પક્ષકાર પોતાની હકીકતો સાબિત કરવામાં સદંતર નિષ્ફળ રહેલ હોય, ઉપરોકત ચર્ચાના આધારે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -: હુકમ :-

(૧) આ કામના બીજા પક્ષકારનો હાલનો રેફરન્સ આથી **રદ યાની નામંજૂર** કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના બીજા પક્ષકાર શ્રી મકવાણા રવિંદ્રસિંહ ભરતસિંહને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુન:સ્થાપિત થવા હક્કદાર ન થતા હોવાનુ ઠરાવવામાં આવે છે.

(૩) હાલનો એવોર્ડ મદદનીશ શ્રમ આયુક્તશ્રી, હિંમતનગર ને પ્રસિધ્ધિ માટે મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) મદદનીશ શ્રમ આયુક્તશ્રી, હિંમતનગર તરફથી એવોર્ડની નકલ પ્રસિધ્ધ થઇને આવ્યેથી અધિક્ષકશ્રી, મજુર અદાલત, હિંમતનગરને નકલ આપવા બાબતે મજુર અદાલત (પદ્ધતિ અને કાર્યરિતિ) નિયમો, ૧૯૪૭ ના નિયમ, ૩૨ ની જોગવાઇ અનુસારની કાર્યવાહિ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૦ માહે જુલાઇ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવે છે.

**તારીખ: ૧૦/૦૭/૨૦૨૬**
**સ્થળ: હિંમતનગર.**

**(નિતેશ કિશોરભાઇ નાચરે)**
**પ્રમુખ અધિકારી,**
**મજુર અદાલત, હિંમતનગર.**
**જજ કોડ નં. જીજે૦૧૪૫૧**

D. R. Prajapati